# એમ. ઍડ્. કોલેજના તાલીમાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતાનો અભ્યાસ

ડૉ. મીના હરદાસભાઈ રાઠોડ
પૂર્વ અધ્યાપક,
બી. ડી. શાહ એજ્યુકેશન કોલેજ, મોડાસા

**સારાંશ :**
પ્રસ્તુત સંશોધન સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન એમ.એડ્. કોલેજમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા જાણવા માટે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ ના ૧૫૦ પાત્રો પર કરવામાં આવ્યો હતો. એમ.એડ્. ના તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા તેમની જાતીયતા, કોલેજના પ્રકાર તથા તેમની વિદ્યાશાખાના સંદર્ભે તપાસી હતી. જેમાં પ્રયોજકે પર્યાવરણ સંરક્ષણ સભાનતા માપદંડ દ્વારા તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા માપી જેમાં ૧૫૦ માંથી ૧૪૭ તાલીમાર્થીઓમાં ઉંચી એટલે કે, ધનાત્મક સભાનતા અને ત્રણ તાલીમાર્થીઓમાં ઓછી જોવા મળી. પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓમાં સમાન સભાનતા જોવા મળી. સામાન્ય પ્રવાહ કરતા વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીઓમાં સભાનતા ધનાત્મક જોવા મળી. સામાન્ય પ્રવાહનાં પુરુષ તાલીમાર્થીઓની સભાનતા વિજ્ઞાન પ્રવાહના પુરુષ કરતાં ઓછી જોવા મળી. તથા સામાન્ય પ્રવાહની સ્ત્રી તાલીમાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહની તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા વધુ ધનાત્મક જોવા મળી હતી.

**ચાવીરૂપ શબ્દો :** પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા

## ૧. પ્રાસ્તાવિક

પ્રાચીનયુગથી લઈને આધુનિકયુગ સુધીની આ સફરમાં માનવીએ દરેક ક્ષેત્રમાં ઉચ્ચતમ કક્ષાઓ સુધી વિકાસ સાધ્યો છે અને હજુ પણ આ દિશામાં આગળ વધી રહયા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને કારણે આજે આપણે દરેક ક્ષેત્રમાં પરિવર્તન કર્યુ છે. નવી–નવી શોધો દ્વારા માનવી આજે આકાશમાં પક્ષીઓ માફક ઉડી શકે છે, માછલીઓની જેમ ઉડાણમાં જઈ શકે છે. પરિવર્તનના પરિણામે પ્રગતિ થાય છે. માનવી પ્રગતિ કરવા માટે, સગવડો વધારવા માટે તેમજ પોતાના લાભ માટે ગમે તે કરવા તૈયાર છે. પરંતુ કુદરતના નિયમ પ્રમાણે જયારે કંઈક મેળવીએ છીએ ત્યારે કંઈક ગુમાવીએ છીએ. એ ન્યાયે આજે આપણે પર્યાવરણને નુકશાન પહોંચાડયું છે. પર્યાવરણના તમામ ઘટકોને માનવીએ આજે અંતુલિત કર્યા છે. જેના પરિણામે આજે પર્યાવરણમાં અનેક સમસ્યાઓ ઉદભવી છે. આ સમસ્યાઓને જો આપણે અટકાવીશું નહિ તો પર્યાવરણનું નિકંદન નીકળી જશે અને સમગ્ર જીવસૃષ્ટિનું ભાવિ જોખમમાં મુકાઈ જશે. આ સમસ્યાથી રક્ષણ મેળવવા પર્યાવરણનું સંરક્ષણ કરવું આવશ્યક છે. પર્યાવરણના સંરક્ષણ માટે સરકાર આજે અનેક પ્રયત્નો હાથ ધરે છે. જુદી જુદી યોજનાઓમાં તેમજ બંધારણમાં પણ પર્યાવરણના સંરક્ષણને યથાર્થ સ્થાન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત ભવિષ્યના દરેક નાગરિક પર્યાવરણથી સંપૂર્ણ માહિતગાર થાય તે માટે શિક્ષણમાં પણ પર્યાવરણ વિષયને દાખલ કરવામાં આવ્યો છે. આ અનુસંધાને પ્રશિક્ષણ કોલેજોમાં પણ પર્યાવરણશિક્ષણ વિષય દાખલ કર્યો છે. જેથી તાલીમાર્થીઓ પર્યાવરણને લગતી વિવિધ બાબતો વિશે માહિતગાર બને. આ તાલીમાર્થીઓ ભવિષ્યના નાગરિકોના ઘડવૈયા છે. તેઓ પર્યાવરણ સંરક્ષણ અંગે કેટલા સભાન છે તે જાણવાના ઉદેશથી પ્રયોજકે પ્રસ્તુત સંશોધન હાથ ધર્યુ છે.

## ૨. સમસ્યા કથન

પ્રસ્તુત સંશોધનની સમસ્યાને પ્રયોજકે આ રીતે શબ્દબદ્ધ કરી હતી.
એમ. ઍડ્. કોલેજના તાલીમાર્થીઓમાં પયાર્વરણ સંરક્ષણ અંગેની સભાનતાનો અભ્યાસ

### ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે પ્રયોજશે આ પ્રમાણેના હેતુઓ નકકી કર્યા હતા. જે હેતુઓને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

૧. એમ.ઍડ્.ના તાલીમાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા જાણવા માટે પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા માપદંડની રચના કરવી.
૨. એમ.ઍડ્.ના તાલીમાર્થીઓની પર્યાવરણ અંગેની સભાનતા જાણવી.
૩. એમ.ઍડ્.ના તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા તેમજ જાતીયતા, કોલેજના પ્રકાર તથા તેમની વિદ્યાશાખાના સંદર્ભે તપાસવી.

### ૪. શૂન્ય ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓના સંદર્ભમાં પ્રયોજકે નીચે પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરી હતી.

૧. એમ.ઍડ્.કોલેજના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓના પર્યાવરણ સંરક્ષણ સભાનતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
૨. એમ.ઍડ્.કોલેજના સામાન્ય પ્રવાહના અને વિજ્ઞાન પ્રવાહના તાલીમાર્થીઓના પર્યાવરણ સંરક્ષણ સભાનતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
૩. એમ.ઍડ્.કોલેજના સામાન્ય પ્રવાહના પુરૂષ તાલીમાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહના પુરૂષ તાલીમાર્થીઓના પર્યાવરણ સંરક્ષણ સભાનતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
૪. એમ.ઍડ્.કોલેજના સામાન્ય પ્રવાહના સ્ત્રી તાલીમાર્થીઓ અને વિજ્ઞાન પ્રવાહના સ્ત્રી તાલીમાર્થીઓના પર્યાવરણ સંરક્ષણ સભાનતા સરેરાશાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

### ૫. સંશોધન પ્રકાર

સંશોધનના મુખ્ય બે પ્રકાર પાડવામાં આવ્યા છે.

૧. ધ્યેયને આધારે વર્ગીકરણ : જેમાં મૂલગત, વ્યવહારિક તથા ક્રિયાત્મક સંશોધનનો સમાવેશ થાય છે.
૨. અમલીકરણને આધારે વર્ગીકરણ : જેમાં સંખ્યાત્મક સંશોધન અને ગુણાત્મક સંશોધનનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત સશોધનને વ્યવહારિક સંશોધન તરીકે સ્વીકારેલું હતું. કારણકે, પ્રસ્તુત સંશોધન એમ.ઍડ્.કોલેજોમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા જાણવા માટે પાત્રો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. આ સંશોધનનો હેતુ પ્રાપ્ત માહિતીના પૃથકકરણને અંતે પસંદ કરેલા વિષય પરત્વેની સભાનતા જાણી વ્યવહારમાં સંશોધન પરિણામો ઉપયોગી થાય તે માટે હાથ ધરવામાં આવ્યું હતું.

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજક દ્વારા એમ.ઍડ્.કોલેજોના તાલીમાર્થીઓ પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા જાણવા માટે સંખ્યાત્મક માહિતી મેળવવામાં આવી હતી. એ દ્રષ્ટિએ પ્રસ્તુત સંશોધન સંખ્યાત્મક સંશોધન તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

### ૬. સંશોધન ક્ષેત્ર

પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર પર્યાવરણ શિક્ષણ છે. તેમજ પ્રસ્તુત સંશોધનના કેન્દ્રમાં એમ.ઍડ્.કોલેજોના તાલીમાર્થીઓ હતા. આથી પ્રસ્તુત સંશોધનનું ક્ષેત્ર 'શિક્ષણ–પ્રશિક્ષણ' પણ કહી શકાય.

### ૭. સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકનો હેતુ એમ.ઍડ્.કોલેજના તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા જાણવાનો હતો. આથી પ્રયોજકે વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કર્યો હતો.

### ૮. પદોની વ્યવહારુ વ્યાખ્યાઓ

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ અગત્યના પદોની વ્યવહારુ વ્યાખ્યાઓ આ પ્રમાણે સ્વીકારવામાં આવી હતી.

**૧. પર્યાવરણ સંરક્ષણ**

અહી નમૂનાના પાત્રો દ્વારા પર્યાવરણમાં રહેલ સજીવ કે નિર્જીવ તત્ત્વોને હાની ન પહોંચે અને માનવજાતનો સર્વાંગીણ વિકાસ થતો રહે તે રીતે પર્યાવરણનું રક્ષણ, પોષણ અને સંવર્ધન માટેના પ્રયત્નો થતા હોય તો તેને પર્યાવરણ સંરક્ષણ ગણવામાં આવ્યું છે. જેમાં પર્યાવરણના જુદા જુદા ઘટકોનું રક્ષણ, પુનઃ સ્થાપન, અભિવૃદ્ધિ અને લાંબાગાળાનો ઉપયોગ વગેરેનો પણ સમાવેશ થાય છે.

**૨. પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા**

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે રચેલ સભાનતા માપદંડ પર તાલીમાર્થીઓએ આપેલ કુલ પ્રતિચારોને તેમની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા ગણવામાં આવી હતી.

**૯. વ્યાપવિશ્વ અને નમૂનો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે વ્યાપવિશ્વમાં સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન કોલેજોનાં એમ.ઍડ્.૨૦૧૬–૨૦૧૭માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓનો સમાવેશ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે વ્યાપવિશ્વની સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન કોલેજોનાં એમ.એડ.ના વિદ્યાર્થીઓ નમૂના માટે પસંદ કરી તેમાંથી ૧૫૦ પાત્રોને લેવામાં આવ્યા હતા.

**૧૦. ઉપકરણની સંરચના**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજક દ્વારા લીકર્ટ પદ્ધતિથી પર્યાવરણ સંરક્ષણ સભાનતા માપદંડની રચના કરવામાં આવી હતી. તેના વિશ્વનિયતા અને પ્રમાણભૂતતા શોધવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણ સભાનતા માપદંડની વિશ્વનિયતા ૦.૮૭ અને પ્રમાણભૂતતા ૦.૮૫ હતી.

**૧૧. અભ્યાસની અગત્યતા**

પ્રસ્તુત અભ્યાસની અગત્યતા નીચે મુજબ દર્શાવી શકાય.

૧. પ્રસ્તુત અભ્યાસથી ભાવિ સંશોધકને પર્યાવરણ સંરક્ષણ સભાનતા માપન માટેનું ઉપયોગી ઉપકરણ પ્રાપ્ત થશે.
૨. એમ. ઍડ્.ના તાલીમાર્થીઓ પર્યાવરણ સંરક્ષણ અંગે કેટલા સભાન છે તે જાણી શકાશે.
૩. એમ.ઍડ્.કોલેજના તાલીમાર્થીઓ પર્યાવરણ સંરક્ષણ અંગેના પોતાના વિચારો સમજશે અને દ્રઢ કરશે.
૪. તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા પર તેમની જાતીયતા, કોલેજના પ્રકાર અને તેમની વિદ્યાશાખાની અસર જાણી શકાશે.
૫. ભાવિ સંશોધકો કે અભ્યાસકો આ ક્ષેત્રે થયેલ કર્યાનો સંદર્ભ સાહિત્ય તરીકે અભ્યાસ કરવા ઈચ્છે તો તેમને આ અભ્યાસ કાર્ય માર્ગદર્શક બની રહેશે.

**૧૨. સંશોધનનો વ્યાપ**

પ્રસ્તુત સંશોધનનો વ્યાપ આ મુજબ નકકી કરવામાં આવ્યો હતો.

૧. પ્રસ્તુત અભ્યાસનો વ્યાપ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન એમ.ઍડ્. કોલેજના તાલીમાર્થીઓ પૂરતો જ મર્યાદિત હતો.
૨. પ્રસ્તુત અભ્યાસમાં ૨૦૧૬–૧૭ ના શૈક્ષણિક વર્ષના એમ.ઍડ્.ના તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૧૩. અભ્યાસનાં તારણો**

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકને સંશોધનને અંતે આ પ્રમાણે તારળો મળ્યા હતા.

૧. એમ.ઍડ્. કોલેજના વિદ્યાર્થીઓ કુલ ૧૫૦ તાલીમાર્થીઓ પૈકી ૧૪૭ તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા ઉંચી એટલે કે ધનાત્મક જોવા મળી હતી. જયારે ત્રણ તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા ઓછી જોવા મળી હતી.
૨. એમ.ઍડ્. કોલેજના પુરુષ તાલીમાર્થીઓ અને સ્ત્રી તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા સમાન હતી.
૩. એમ.ઍડ્.કોલેજના સામાન્ય પ્રવાહના તાલીમાર્થીઓ કરતા વિજ્ઞાનપ્રવાહના તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા વધુ ઉંચી એટલે કે વધુ ધનાત્મક હતી.
૪. એમ.ઍડ્. કોલેજના સામાન્ય પ્રવાહના અને વિજ્ઞાનપ્રવાહના પુરુષ તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા સમાન હતી.
૫. એમ.ઍડ્.કોલેજના સામાન્ય પ્રવાહના સ્ત્રી તાલીમાર્થીઓ કરતા વિજ્ઞાન પ્રવાહના સ્ત્રી તાલીમાર્થીઓની પર્યાવરણ સંરક્ષણ અંગેની સભાનતા વધુ ઊંચી એટલે કે વધુ ધનાત્મક હતી.

**સંદર્ભ સૂચિ**

1. Agrawal, J.C. (1996). Educational Research.New Delhi : Ary Book Depot.
2. Buch, M.B. (Ed) (1997). Fifth Survey of Research in Education.New Delhi : NCERT.
3. Dave, P.N. (1997). Prayogik Sansodhan aneshaikshnik Aankadashastriy (Third Education) Ahmedabad : B.S.Shah publication
4. Desai, H.G. & K. G. Desai (2010). Sansodhan Padhhtio (seventh Education) Ahmedabad: university granthnirmal board, Gujarat state.
5. Patel, R.S. (2008). Shaikshnik Sansodhan mate Aankadashastriy Padhhatio ( second Education) Ahmedabad : jay Republication
6. Shah, Dipika B. (2004). Shaikshnik Sansodhan.(first education) Ahmedabad: university granthnirmal board, Gujarat state.
7. Uchat, Dinesh Chandra A (2009). Shikshan and Samajik Vignan ma Sansodhan nu Padhdhatisatra (first education) Rajkot.